# શ્રી સાર્વજનિક ગણેશ મહોત્સવ સે-૨૨ યોગ દ્વારા નૃત્યનું અનોખું નિદર્શન યોજાયુ

ગાંધીનગર, તા.૧૧

શ્રી સાર્વજનિક ગણેશ મહોત્સવ સમિતિ, સેક્ટર-૨૨, ગાંધીનગર દ્વારા શનિવારના રોજ યોગ નૃત્યનો એક અદભુત અને અવિસ્મરણીય કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં ગુજરાત તરફથી રાષ્ટ્રીય અને આંતરાષ્ટ્રીય સ્પર્ધાઓમાં ગુજરાતને ગુજરાતને ગૌરવ અપાવનાર યુવાન યોગીઓ અને યોગીનીઓએ યોગ નૃત્યોનું સુંદર રીતે પ્રદર્શન કરેલ. રાષ્ટ્રીય







અને આંતરાષ્ટ્રીય કક્ષાએ છેલ્લા વર્ષોમાં ૨૫૦થી વધુ મેડલ જીતનાર આ યોગી અને યોગીનીઓ લાઈફ મિશન બાળ સંસ્કાર કેન્દ્ર (ભાવનગર), પુરુષાર્થ સંસ્થા, ભાણવડ (જામનગર), ગજેરા સ્કુલ (સુરત), સરસ્વતી વિદ્યા મંદિર, જાખણ (સુરેન્દ્રનગર), લકુલીશ યોગ યુનિવર્સીટી (અમદાવાદ) અને પૂજા પટેલ, કડી (મહેસાણા) નાં ૮૦ જેટલા કલાકારો હાજર હતા. આ કલાકારોએ થાળી નૃત્ય, પાવર યોગા નૃત્ય, લોયા યોગ નૃત્ય, તલવાર યોગ નૃત્ય, શટકર્મ, રોપ યોગ નૃત્ય વગેરે વિવિધ પ્રકારના ખુબજ આકર્ષક યોગનૃત્યોની રજૂઆત કરી ખીચોખીચ પ્રેક્ષકોથી ભરેલા સેક્ટર-૨૨ના રંગમંચને દંગ કરી દીધું હતું. પ્રેક્ષકોમાં યુવાન અને શાળાએ જતા બાળકોની હાજરી મોતી સંખ્યામાં હતી. આ સૌ પ્રેક્ષકો અવારનવાર તાળીઓ પાડીને યોગનૃત્યો રજુ કરનારને પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું.

આ કાર્યક્રમમાં પવિત્ર યાત્રા ધામ વિકાસ બોર્ડનાં અધ્યક્ષશ્રી અને પૂર્વ મંત્રી શ્રી મહેન્દ્રભાઈ ત્રિવેદી, લકુલીશ યોગ યુનિવર્સીટીનાં વાઈસ ચાન્સેલર શ્રી ચંદ્રસિંહ ઝાલા, લકુલીશ યોગ યુનિવર્સીટીનાં ડીરેકટર અને આ કાર્યક્રમનો સંપૂર્ણ ભાર સંભાળનાર શ્રી આર.જે જાડેજા, લકુલીશ યોગ યુનિવર્સીટીનાં હર્ષદ સોલંકી તેમજ શ્રી સુર્યસિંહ ડાભી જેવા મહાનુંભાઓ ઉપસ્થિત રહીને આ ભવ્ય કાર્યક્રમને માણ્યો તેમજ બિરદાવ્યો હતો. શ્રી સાર્વજનિક ગણેશ મહોત્સવ સમિતિના બદલ પ્રમુખ શ્રી નિશિત વ્યાસે આવા અદ્ભુત કાર્યક્રમ આપવા માટે તમામ કલાકારોને આભાર વ્યક્ત કર્યો હતો.

આ કાર્યક્રમને સફળ બનાવવા શ્રી જયરાજસિંહ સરવૈયા, શ્રીમતિ આશાબેન સરવૈયા, ડૉ. ચેતના બુચ કલ્પેશ બાલપાંડે અને ભાસ્કર બાલપાંડેએ જહેમત લીધી હતી. ખુબજ મોટી સંખ્યામાં નગરજનો અને કલાપ્રેમીઓ હાજર રહી આ કાર્યક્રમને બહોળો પ્રતિસાદ મળ્યો હતો. ગણેશ મહોત્સવ કાર્યક્રમને સફળ બનાવવા માટે સમિતિના અધ્યક્ષ શ્રી નિશિત વ્યાસે સૌ પ્રેક્ષકજનોનો આભાર વ્યક્ત કર્યો હતો.



ભાદરવી પૂનમના મેળાનો શુભારંભ - યાત્રાધામ અંબાજી ખાતે શનિવારે ભાદરવી પૂનમના મેળાનો શુભારંભ ચુંદડીવાળા માતાજી, બનાસકાંઠા જીલ્લાના કલેક્ટર શ્રી અને યાત્રાધામ વિકાસ બોર્ડના ડિરેક્ટર શ્રી ગણપતભાઈ જોષીના વરદ હસ્તે કરાયો હતો. આ પ્રસંગે અંબાજી પ્રતિષ્ઠાનના આગેવાનો અને ભક્તો ઉપસ્થિત રહ્યા હતા.

# ઊંઝાના કરલી ગામે હિચકારો હૂમલો : લૂંટની ફરિયાદ

ઊંઝા, તા. ૧૧

ઊંઝા તાલુકાના કરલી ગામે રહેતા એક વ્યક્તિના ઘેર હથિયારધારી આઠ શખ્સોએ હૂમલો કરી ઈજાઓ પહોંચાડી સોનાની વીંટી તેમજ ૨૫૦૦ રૂપિયાની રોકડ રકમની લૂંટ ચલાવી હોવાથી ફરિયાદ ઊંઝા પોલીસમથકે નોંધાયેલ છે.

વિગત એવી છે કે ઊંઝા તાલુકાના કરલી ગામે રહેતા ફરિયાદી દિપકકુમાર ઈશ્વરલાલ સોલંકી બપોરના સમયે ઘેર હતા ત્યારે ગામના જ આઠ શખ્સોએ એક સંપ થઈ ગેરકાયદેસર મંડળી રચી પોતાનો ઈરાદો પાર પાડવા માટે હાથમાં ધારીયુ, પાઈપ, ધોકા, લાકડી છરી જેવા હથિયારો લઈ ફરીયાદીના ભાઈના ઘેર જઈ અપશબ્દો બોલી હૂમલો કર્યો હતો. જેમાં ફરીયાદી સહિત બે થી ત્રણ વ્યક્તિઓને ઈજાઓ થઈ હતી. બાદ હૂમલાખોરો ફરીયાદીની સોનાની વીંટી તેમજ રૂપિયા ૨૫૦૦ની રોકડ રકમની લૂંટ ચલાવી જાનથી મારી નાંખવાની ધમકી આપી નાસી ગયા હતા. હૂમલાની આ ઘટનાથી આ વિસ્તારમાં ભયની લાગણી ફેલાઈ હતી.

આ બનાવ અંગે દિપકકુમાર સોલંકીએ ઊંઝા પોલીસમથકે ફરીયાદ નોંધાવતા પોલીસે આઠ આરોપીઓ સોલંકી નગીનભાઈ ધનજીભાઈ, સોલંકી રમેશભાઈ ધનજીભાઈ, સોલંકી ધનજીભાઈ હરજીભાઈ, સોલંકી વિનોદભાઈ જગાભાઈ, સોલંકી દિનેશભાઈ જગાભાઈ, સોલંકી જયદીપ મુળજીભાઈ, સોલંકી ભાવેશ મૂળજીભાઈ અને સોલંકી દિપક બાબુભાઈ તમામ રહે. કરલી તા. ઊંઝા વિરૂદ્ધ હૂલ્લડ, ધાડ અને જાનથી મારી નાંકવાની ધમકી આપવા બાબતે ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# ગણેશ વિસર્જન યાત્રામાં પર્યાવરણના જતનનો સંદેશ

## વાવોલની દ્વારકેશ રેસિડેન્સીના ગણેશની વિસર્જન યાત્રામાં વાહનો પર 'પાણી બચાવો-વૃક્ષો વાવો'ના સુત્રો

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગરના વાવોલ ખાતેની દ્વારકેશ રેસિડેન્સી ખાતે ગણેશોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. સાત દિવસના આ ગણેશોત્સવ બાદ આજે વિસર્જન યાત્રા યોજાઈ હતી. જેમાં સોસાયટીના રહીશોએ વાહનો પર 'પાણી બચાવો' અને 'વૃક્ષો બચાવો'નો સંદેશ આપતા વિવિધ સુત્રો લખી ધાર્મિક પર્વ સાથે પર્યાવરણના જતનને સાંકળી લેતો અનોખો પ્રેરણાત્મક સંદેશ પાઠવ્યો હતો.

દ્વારકેશ રેસિડેન્સી સોસાયટી હંમેશા દરેક તહેવાર અલગ રીતે



ઉજવવા જાણીતી બની છે. આ સોસાયટીના રહીશો દ્વારા દરેક પર્વની ઉજવણી સાથે સામાજિક, પર્યાવરણ તથા રાષ્ટ્ર પ્રત્યેની જવાબદારીને સાંકળી લેવામાં આવે છે. આ વર્ષે પણ અહીં ગણેશોત્સવ સાથે વિસર્જનમાં પર્યાવરણ પ્રત્યે જાગૃતિ કેળવવાના આશયથી વિસર્જનયાત્રાના વાહનોને વૃક્ષોના જતન કરવા ઉપરાંત પાણીનો બગાડ અટકાવવા પ્રેરિત કરતા સુત્રો લખવામાં આવ્યા હતા. દ્વારકેશ સોસાયટીના ગણેશોત્સવમાં શનિવારે ૧૦૦૮ દિવડાની મહાઆરતી પણ કરવામાં આવી હતી. અહીં સોસાયટીના દરેક આર્થિક વર્ગને ધ્યાનમાં રાખીને ઉત્સવ માટે ઉઘરાવવામાં આવતા દાન ભેટમાં કોઈ જબરદસ્તી કરવામાં આવતી નથી તથા દરેક બ્લોક વારાફરતી આરતી ઉતારે છે. આરતી ઉતારવાનો લાભ વડીલો-બાળકો અને મહિલાઓને વારાફરતી આપવામાં આવે છે તેમજ પ્રસાદ વગેરે માટે વાંરવાર ફાળો ઉઘરાવવાનું ટાળવામાં આવે છે.

# પાલનપુરમાં અમિત શાહના પૂતળા દહનનો નિષ્ફળ પ્રયાસ : ૧૨ કાર્યકરોની અટકાયત

## સુરતમાં પાટીદારોની ધરપકડના વિરોધમાં 'આપ' દ્વારા કરાયું વિરોધ પ્રદર્શન

પાલનપુર, તા. ૧૧

સુરતમાં રાજ્યની ભાજપ સરકાર દ્વારા પાટીદાર સમાજનું શક્તિ પ્રદર્શન યોજવામાં આવ્યું હતું. જો કે પાટીદારોએ ઉગ્ર વિરોધ પ્રદર્શિત કરતા રાજસ્વી અભિવાદન સમારોહનો ફિયાસ્કો થયો હતો. જે સમારોહમાં હોબાળો કરનારા પાટીદારોની ગત રોજ અટકાયત કરાઈ હતી. જેના વિરોધમાં આજે પાલનપુર ખાતે 'આપ' દ્વારા વિરોધ પ્રદર્શન કરાયો હતો. જો કે અમિત શાહના પૂતળાદહનનો નાકામ પ્રયાસ કરનાર 'આપ'ના ૧૨ કાર્યકરોની અટકાયત કરાતા ચકચાર મચી જવા પામી હતી.

સુરતમાં ભાજપ આયોજીત પાટીદારોના શક્તિ પ્રદર્શન દરમિયાન હંગામો કરનાર પાટીદાર યુવાનોની પોલીસે ધરપકડ કરી હતી. જે પાટીદાર યુવાનોના સમર્થનમાં આજે બનાસકાંઠા આમ આદમી પાર્ટી બહાર આવી હતી. આમ આદમી પાર્ટી દ્વારા પાલનપુર શહેરના ગુરૂનાનક ચોક ખાતે રોડ પર બેસી જઈ ઉગ્ર સૂત્રોચ્ચાર વચ્ચે વિરોધ પ્રદર્શિત કરાયો હતો.

દરમિયાન ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહના પૂતળાનું દહન કરવાનો 'આપ'ના કાર્યકરોનો પ્રયાસ પોલીસે નાકામ બનાવ્યો હતો. જો કે પૂતળા દહનનો નિષ્ફળ પ્રયાસ કરનાર આમ આદમી પાર્ટીના જિલ્લા પ્રમુખ ભેમાભાઈ ચૌધરી સહિત ૧૨ જેટલા કાર્યકરોની અટકાયત કરી પોલીસ સ્ટેશને લઈ જવાયા હતા.

**● પોલીસે મીડીયા કવરેજ પર લાદી પાબંધી**

પાલનપુર શહેર પૂર્વે પોલીસ સ્ટેશનના લોકઅપમાં પ્રોહીબીશનના આરોપીના મોત બાદ ધૂઆપૂઆ થયેલ પોલીસતંત્રએ આ ઘટના માટે જાણે મીડીયા જ જવાબદાર હોય તેવું વર્તન પોલીસ કરી રહી હોવાની ચર્ચાએ વેગ પકડ્યો છે. જેની પ્રતીતી આજે 'આપ'ના કાર્યકરોની અટકાયત બાદ કવરેજ કરવા પોલીસ સ્ટેશને ગયેલા કેટલાક મીડીયાપ્રેમીઓને થઈ હતી. 'આપ'ના કાર્યકરોની અટકાયત બાદ કવરેજ કરવા ગયેલા મીડીયાપ્રેમીઓના પ્રવેશ પર પાબંધી લાદી દીધી હોવાની રાવ સાથે કેટલાક મીડિયા કર્મીઓએ ભારે રોષ વ્યક્ત કર્યો હતો.

## પ્રાંતિજમાં ભીલ સમાજના ધર્મપ્રેમી લોકોએ રામાપીરના નવનેજા સાથે ભવ્ય શોભાયાત્રા કાઢી

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે રહેતા ભીલ સમાજના મારવાડી ધર્મપ્રેમીઓ દ્વારા શ્રી રામાપીરના નવનેજાની ભવ્ય શોભાયાત્રા કાઢી હતી જેમાં પ્રાંતિજ ખાતે વર્ષોથી વસવાટ કરતા મારવાડી સમાજના ભાઈ બહેનો દ્વારા ધંધારોજગાર બંધ પાડી શોભાયાત્રામાં જોડાયા હતા.

પ્રાંતિજ રેલવે સ્ટેશન વિસ્તારમાં આવેલ શ્રી રામદેવપીરના મંદિરોથી ભાદરવા વદ નોમના દિવસે રામાપીર યુવક મંડળ તથા ભીલ-મારવાડી સમાજના લોકો દ્વારા નવનેજાની ભવ્ય શોભાયાત્રા કાઢી હતી.

## મોડાસા ગણેશ મહોત્સવ ક્વીઝ સ્પર્ધામાં એચ. એલ. પટેલ શાળાની વિદ્યાર્થીનીઓ ઝળકી

મોડાસા, તા. ૧૧

મોડાસા યુથ જંકશન ગણેશોત્સવ સમિતિ આયોજીત મહોત્સવમાં તાજેતરમાં ક્વીઝ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ક્વીઝ સ્પર્ધામાં મોડાસાની એચ.એલ. પટેલ સરસ્વતી વિદ્યાર્થીનીઓ કુ. હિમાની પરીખ તથા કુ. નિધિ પ્રજાપતિએ પ્રથમ ક્રમાંક મેળવ્યો હતો.

જ્યારે સાંઈ ગ્રુપ આયોજીત ગણેશ મહોત્સવમાં પણ ક્વીઝ સ્પર્ધા યોજાઈ હતી. તેમાં પણ કુ. હિમાની પરીખે પ્રથમ ક્રમ મેળવ્યો હતો. જ્યારે કુ. સાક્ષી દવેએ તૃતિય સ્થાને વિજેતા બની હતી. આ વિજેતા બાળકીઓને નગરજનો અને શાળા પરિવારે તેમજ મંડળ પરિવારે હાર્દિક શુભેચ્છા સહ અભિનંદન પાઠવ્યા હતા. આ ક્વીઝ સ્પર્ધાનું સંચાલન હિતેશ પટેલે કર્યુ હતુ. જ્યારે બાળકોને પ્રોત્સાહિત કરવા, શાળાના આચાર્ય ડૉ. જીજ્ઞેશભાઈ, જયેન્દ્રભાઈ પંડ્યા, ડી.કે. પટેલ સહિત શિક્ષકો અને વાલીઓ હાજર રહ્યા હતા.

# અરવલ્લી જિલ્લામાં નોમના નેજા સાથે શ્રદ્ધાળુઓનો મહેરામણ

મોડાસા, તા. ૧૧

ભાદરવી નોમે દ્વારિકાધીશના અવતાર બાબા રામદેવજીના મંદિરો અરવલ્લી સાબરકાંઠામાં ઠેર ઠેર ભક્તોના જયનાદથી ગુંજી ઉઠ્યા હતા. પ્રાચીન રામદેવજી મંદિર રાજપુર (મોડાસા)માં દર વર્ષની જેમ આ વર્ષે પણ હાથમાં મોટા નેજા સાથે દૂરદૂરથી શ્રદ્ધાળુઓનો મહેરામણ ઉમટી પડતા મંદિર પરિસર ઉભરાઈ ગયુંહતુ. નોમના નેજા ચઢાવી રામદેવ ભક્તોએ ધન્યતા અનુભવી હતી.

બંને જિલ્લાઓમાં ઠેર ઠેર રામદેવજી મંદિરોમાં નોમના નેજા ચઢાવવાનો મહિમા હોઈ ભક્તો અદકેરા ઉમંગથી આ અવસરે ભારે નેજા સાથે ઉમટી પડ્યા હતા. સવારે હળવાથી ભારે વરસાદ છતાં ઉમંગભેર પગપાળા ચાલતા ભક્તો પોતાના વિસ્તારના નજીકના મંદિરોએ પહોંચી જઈને ઉત્સાહભેર જય બાબારી... બાબો ભલી કરે ના જયનાદ સાથે નોમના નેજા ચઢાવી, દર્શન કરીને ધન્ય બન્યા હતા. મોડાસાના રાજપુર (મહાદેવગ્રામ) ઉપરાંત મોડાસાના દલીલપુરના રામદેવ આશ્રમે, મોડાસામાં ધુણાઈ રોડ ઉપર આવેલ શ્રી સિદ્ધ રામદેવજીના મંદિરે, બાયલના પંચદેવ મંદિરે, માજણના રામદેવ મંદિરે, આ ઉપરાંત ઠેર ઠેર રામદેવ મંદિરોમાં નોમના નેજા ચઢાવી શ્રદ્ધાળુઓએ ધન્યતા અનુભવી હતી. બન્ને જિલ્લાઓમાં રામદેવ નવરાત્રી ભજન-કિર્તન ઉપવાસ વ્રત રાખી ઉજવીને આજે ભક્તોએ નોમના નેજા ચઢાવ્યા હતા.

## કાયદા અને કાનૂન

● ૪ પાનાનું ચાલુ...

આ સમગ્ર બાબત અનુચિત જ ગણાય અને પ્રિવેન્શન ઓફ ઈમ્પોપર યુઝ એકટ ૧૯૬૦ ની જોગવાઈઓનો ભંગ જ ગણાય છે મૂળ પ્રશ્ન સરકારે આવી પરવાનગી આપી છે કે કેમ? અને જો મુક સમંતી હોય તો કંપની ઉપર રાજનેતાના છુપા આર્શિવાદ હોવાનું ફલીત થતા અન્ય હરિફ કંપનીઓમાં ભય ઉભો થાય તે સ્વાભાવીક છે.

હવે જોવાનું એ રહ્યું કે જો નવા એડના નિયમ મુજબ પ્રોડકટનો ભ્રામક પ્રચાર કરતા ગ્રાહકને નુકશાન થાય તો સેલેબ્રીટી પણ એટલા જ જવાબદાર છે તે આ કિસ્સામાં લાગુ પડશે કે કેમ?

## અતીતની આજ

● ૪ પાનાનું ચાલુ...

અંગેની ઘોષણા કરી હતી. ૨ જૂન ૧૯૪૭ના રોજ કૉંગ્રેસના મુખ્ય નેતાઓ મળ્યા હતા અને તેમણે ભાગલાને કબૂલ રાખ્યા હતા. એટલે ઍડવિનાએ વિષકન્યાની જેમ નેહરુ અને ઝીણાને વશ કર્યા અને કામ કઢાવી લીધું એ માનવા જેવો ઘટનાક્રમ નથી. દીક્ષિત નાટકીય રીતે કાલ્પનિક વાતોને મૂકે છે. એ કહે છે કે ગાંધીજી સમક્ષ ઝીણા ઍફિડેવિટ કરવા તૈયાર હતા કે મને ઍડવિનાએ બ્લેકમેઈલ કરીને સહી લીધી હતી. નેહરુએ તો ગાંધીજીને ઉત્તર વાળ્યો નહોતો. નેહરુ અને ઝીણાની દુશ્મની ઍડવિનાને કારણે હોવાનું રહસ્યોદ્ઘાટન દીક્ષિત રજૂ કરે છે. કમનસીબી એ વાતની છે કે ભારતના ઘણાબધા જવાબદાર નેતાઓ અને લેખકો પણ બ્રિટિશ ઈંડિયાના ભાગલા માટે નેહરુ અને ઍડવિનાના સંબંધોને કારણભૂત ગણાવતા રહ્યા છે.બદ્બેબદ્બું લોલેલોલ જ ચાલતું રહે છે.

- haridesai@gmail.com




## મોડાસાના ગણેશ મહોત્સવમાં ફીલ્મી હિરોના હમશકલે ધૂમ મચાવી

અરવલ્લી જિલ્લાના મુખ્યમથક ગણેશ મહોત્સવમાં ભક્તિભાવપૂર્વક અને ધામધૂમપૂર્વક ઉજવણી કરવામાં આવી રહી છે. મોડાસાના ગણેશોત્સવ મંડળો દ્વારા ભક્તજનોને આકર્ષણ માટે રાત્રિ દરમિયાન અવનવા સાંસ્કૃતિક, મિમિક્રિ, રાસ, ગરબા, વેશભૂષા જેવા અનેક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. મોડાસાના મેઘરજ રોડ પર આવેલ ગુરૂકુળ યુવા મંડળ દ્વારા ગણેશ યુવક મંડળ દ્વારા રાસ ગરબાનું આયોજન કરવામાં આવતા મોટી સંખ્યામાં લોકો રાસગરબા રમવા ઉમટ્યા હતા. બોરડીવાળા કુવા પાસે ભગવાન ગોકુલનાથજી મંદિર નજીક વૈષ્ણવ પરિવાર બાળ ગોપાલ ગણેશજીની મૂર્તિ સ્થાપના કરવામાં આવી હતી. ગત રાત્રિએ દર્શનાર્થીઓને આકર્ષવા મિમિક્રી માટે અમિતાભ બચ્ચન, રાજેશ ખન્ના, ગોવિંદા જેવા જાણીતા ફિલ્મી કલાકારોના હમશકલને બોલાવી તેમની ફીલ્મી સ્ટાઈલમાં મિમિક્રી અને ડાયલોગ બાજી કરતા દર્શનાર્થીઓના મન મોહી લીધા હતા. બોરડીવાળા ગણેશ મહોત્સવમાં ફિલ્મી હમશકલ આવ્યા હોવાનુ જાણ થતા મોટી સંખ્યામાં તેમને નિહાળવા નગરજનો ઉમટી પડ્યા હતા.

## આતંકવાદી ઠાર... ● અનુસંધાન પહેલાનું ચાલુ

ધરવામાં આવ્યું હતું. જમ્મુ ક્ષેત્રના પૂંચ જિલ્લામાં ત્રાસવાદીઓ અને પોલીસ વચ્ચે અથડામણ થઈ હતી. કાશ્મીરના દક્ષિણી વિસ્તારમાં પણ અથડામણ થઈ હોવાના અહેવાલ મળ્યા છે. બીજી બાજુ ચાર ત્રાસવાદીઓ ઠાર થવાની સાથે સાથે બે એન્કાઉન્ટરમાં એક પોલીસ જવાનનું પણ મોત થયું હતું. એન્કાઉન્ટરની શરૂઆત આજે સવારે ૭.૩૦ વાગે થઈ હતી. કારણ કે નિર્માણ હેઠળ રહેલી એક ઈમારતમાંથી ત્રાસવાદીઓએ ગોળીબાર શરૂ કર્યો હતો. અલ્લાપીર વિસ્તારમાં આવેલા એક આવાસમાં હુમલાખોરો ઘુસી ગયા હતા. ચાર ત્રાસવાદીઓ જુદા જુદા સ્થળોમાં બે એન્કાઉન્ટરમાં સામેલ રહ્યા હતા. એક પોલીસ જવાન શહીદ થયા છે જ્યારે સબ ઈન્સ્પેક્ટરને ઈજા થઈ હતી. શહીદ થયેલા પોલીસની ઓળખ આર કુમાર તરીકે થઈ છે જ્યારે ઘાયલ થયેલા સ્પેશિયલ ઓપરેશન ગ્રુપના સબ ઈન્સ્પેક્ટર મંજુરહુસૈનને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડાયા હતા. સરકારના પગલા છતાં હાલના દિવસોમાં ઘુસણખોરીના પ્રયાસોમાં વધારો થયો છે. આ વર્ષે ૩૧મી જુલાઈ સુધી ૭૨ ત્રાસવાદી ઘુસણખોરી કરવામાં સફળ રહ્યા હતા જ્યારે ગયા વર્ષે આ આંકડો ૩૨નો હતો. આતંકવાદ વિરોધી ઓપરેશનમાં ૧૦૦થી વધુ ત્રાસવાદીઓ માર્યા ગયા છે જ્યારે ગયા વર્ષે આ આંકડો અડધો હતો. અલગતાવાદીઓ સતત હિંસા ફેલાવી રહ્યા છે.

## તજ્ઞો તૈયાર... ● અનુસંધાન પહેલાનું ચાલુ

છે કે, નાણામંત્રાલયની આ બાબત ઉપર સહમતિ દર્શાવવામાં આવી છે કે, વ્યાજદર ઈપીએફઓના આવકથી વધારે હોવી જોઈએ નહીં. ઈપીએફઓને આ વ્યાજ પોતાના સંશાધનોથી ચુકવવામાં સક્ષમ હોવાની સ્થિતિ પણ હોવી જોઈએ. વ્યાજદરમાં ઘટાડો કરવાના નિર્ણયથી કર્મચારી સંગઠનોમાં નારાજગીનું મોજુ ફરી વળે તેવી શક્યતા છે. જો કે, યોજનાપૂર્વક કેન્દ્ર સરકાર આગળ વધી રહી છે. નાની બચતની યોજનાઓ સાથે ઈપીએફ ઉપર વ્યાજદર જાળવવા માટે નાણામંત્રાલય દ્વારા શ્રમ મંત્રાલયને કહેવામાં આવ્યું છે. પ્રથા મુજબ નાણા મંત્રાલય એક વર્ષની આવકના અંદાજ અંગે વિચારણા કર્યા બાદ સીબીટી દ્વારા નક્કી વ્યાજદરના રેટ અંગે અંતિમ મંજુરી આપે છે. પબ્લિક પ્રોવિડંડ ફંડ (પીપીએફ) જેવી તેની નાની બચતની સ્કીમ માટે ૮.૬ ટકાના વ્યાજદરને લઈને કર્મચારી સંગઠનોમાં નારાજગી સ્વભાવિકરીતે જોવા મળી શકે છે. સેન્ટ્રલ બોર્ડ ઓફ ટ્રસ્ટી જે ઈપીએફઓની સર્વોચ્ચ નિર્ણય લેતી સંસ્થા છે તે ઈન્કમના અંદાજના આધાર પર વ્યાજદર નક્કી કરે છે. છેલ્લા નાણાંકીય વર્ષમાં ઈપીએફઓ આવકના અંદાજના આધાર પર ૮.૯૫ ટકા વ્યાજદર આપવાની સ્થિતિમાં રહેતા ખાતા ધારકોને લાભ થયો હતો. ત્યારબાદ પણ આવક વધી હતી.

## કંપની સમાચાર

### એલએન્ડટી ટેક્નોલોજી સર્વિસિઝ લિમિટેડની ઈનિશિયલ પબ્લિક ઓફર

**સોમવાર, ૧૨ સપ્ટેમ્બર, ૨૦૧૬ના રોજ ખુલશે અને ગુરુવાર, ૧૫ સપ્ટેમ્બર, ૨૦૧૬ના રોજ બંધ થશે : પ્રાઈસ બેન્ડ ઈક્વિટી શેરદીઠ રૂ. ૮૫૦ થી રૂ. ૮૬૦ નિર્ધારિત કરાયો**




અમદાવાદ, તા.૧૧

એલએન્ડટી ટેક્નોલોજી સર્વિસિઝ લિમિટેડે ("કંપની") સોમવાર, ૧૨ સપ્ટેમ્બર, ૨૦૧૬ના રોજ પોતાના રૂ. બે ("ઈક્વિટી શેર્સ")ની મૂળકિંમત ધરાવતા અને ઈક્વિટી શેર દીઠ રૂ. ૮૫૦ થી રૂ. ૮૬૦ના પ્રાઈસ બેન્ડ સાથે રોકડમાં ૧૦,૪૦૦,૦૦૦ સુધીના ઈક્વિટી શેરની ઈનિશિયલ પબ્લિક ઓફરનો પ્રારંભ કરવાની દરખાસ્ત કરી છે. આ ઈશ્યૂ કંપનીની પ્રમોટર લાર્સન એન્ડ ટુબ્રો લિમિટેડ ("સેલિંગ શેરહોલ્ડર") દ્વારા ઓફર ફોર સેલ ("ઓફર") દ્વારા લાવવામાં આવી રહ્યો છે. આ ઓફર કંપનીની ઓફર પછીની ભરપાઈ થયેલી ઈક્વિટી શેર મૂડીના ૧૦.૨ ટકાના હિસ્સાનું પ્રતિનિધિત્વ કરે છે. આ ઓફર ગુરુવાર, ૧૫ સપ્ટેમ્બર, ૨૦૧૬ના રોજ બંધ થશે. મિનીમમ બિડ લોટ ૧૬ ઈક્વિટી શેરનો છે અને ત્યાર બાદ ૧૬ ઈક્વિટી શેરનો ગુણાંક રહેશે. સિક્યોરિટીઝ એન્ડ એક્સ્ચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયાના (ઈશ્યૂ ઓફ કેપિટલ એન્ડ ડિસ્ક્લોઝર રિક્વાયર્મેન્ટ્સ) રેગ્યુલેશન્સ, ૨૦૦૯ની સુધારાવધારા સાથેની જોગવાઈઓ ("સેબી રેગ્યુલેશન્સ")ની સાથે સુસંગત એવી રીતે કંપની અને તેના વેચાણકર્તા શેરધારકો અને બૂક રનિંગ લીડ મેનેજર્સ ("બીઆરએલએમ")ના પરામર્શ સાથે એન્કર રોકાણકારોની સહભાગિતા અંગે વિચારણા કરી શકે છે. એન્કર રોકાણકારો બિડ/ઓફર ખુલવાની તારીખના એક કાર્યકારી દિવસ અગાઉ એટલે કે એન્કર ઈન્વેસ્ટર બિડિંગ ડેટના રોજ બિડ કરી શકશે.

કોટક મહિન્દ્રા કેપિટલ કંપની લિમિટેડ, ડીએસપી મેરિલ લિન્ચ લિમિટેડ, જેએમ ફાઈનાન્સિયલ ઈન્સ્ટિટ્યૂશનલ સિક્યોરિટીઝ લિ. અને એસબીઆઈ કેપિટલ માર્કેટ્સ લિમિટેડ આ ઓફરના બીઆરએલએમ છે. આ ઓફર દ્વારા ઓફર કરાયેલા ઈક્વિટી શેરને બીએસઈ લિમિટેડ ("બીએસઈ") તથા નેશનલ સ્ટોક એક્સ્ચેન્જ ઓફ ઈન્ડિયા લિ. ("એનએસઈ") પર લિસ્ટ કરવાની દરખાસ્ત કરવામાં આવી છે.

સરકારી/અર્ધસરકારી, સંસ્થાકીય, ધાર્મિક તેમજ અન્ય કોઈપણ જાહેર સમારંભ કે પ્રસંગ માટે પ્રચાર પ્રસાર અને સ્વાગત માટેના
હોર્ડીંગ્સ, ગેટ, ટાવર પીલર, બેનર્સ...
અક્ષી
93 761 80003
93 288 9 3535
89 80 10 1515

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીએટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭